## ખેડબ્રહ્મા શહેરમાં ભગવાન પરશુરામની શોભાયાત્રા નીકળી



આજે અખાત્રીજના દિવસે સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા શહેરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા ભગવાન પરશુરામની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર માનવામાં આવતા ભગવાન પરશુરામનો જન્મ મહર્ષિ જમદગ્નિ અને માતા રેણુકાદેવીને ત્યાં અખાત્રીજના દિવસે થયો હતો આ જ કારણે અક્ષય તૃતીયા ના દિવસે ભગવાન વિષ્ણુની પૂજા કરવામાં આવે છે. તેવા ભગવાન પરશુરામની શોભાયાત્રા ખેડબ્રહ્મા તાલુકા સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા યાત્રાધામ ખેડબ્રહ્માના શ્રી અંબિકા માતાજી મંદિરથી શોભાયાત્રા નીકળી હતી જે નગરના મુખ્ય માર્ગો પર પરિક્રમા કરીને તપોધન બ્રાહ્મણ સમાજવાડી ખાતે સમાપન થયુ હતુ. આ પ્રસંગે ઈડર વિભાગીય નાયબ પોલીસ અધિક્ષક ડી.એમ.ચૌહાણ, ખેડબ્રહ્મા પીએસઆઈ પી.પી.જાનીએ ગોઠવેલ ચુસ્ત બંદોબસ્ત વચ્ચે સમસ્ત બ્રહ્મ સમાજ શોભાયાત્રામાં જોડયો હતો.

## પ્રાંતિજના સોનાસણના ઈસમનુ હિંમતનગરમાંથી બાઈક ચોરાતા પોલીસ ફરિયાદ થઈ

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર સિવિલ આગળ પાર્ક કરેલ બાઈક કોઇ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ જતા પ્રાંતિજના સોનાસણના બાઈક માલિકદ્વારા હિંમતનગર પોલીસ સ્ટેશનમા પોલીસ ફરિયાદ કરી. પ્રાંતિજ તાલુકાના સોનાસણ ખાતે રહેતા અરવિંદભાઈ માનસિંહ રાઠોડ ઉ. વર્ષ-૫૪ ધંધો ખેતી રહે.સોનાસણ તા.પ્રાંતિજ જી સાબરકાંઠા કે જેવો હિંમતનગર સિવિલ ખાતે આવેલ હોય પોતાનુ બાઈક નંબર જી.જે.૦૯.સી.ટી ૧૫૬૦ જેની કિંમત ૨૦,૦૦૦ કે જે બાઈક લઈને હિંમતનગર સિવિલમા આવ્યાહોય ને સિવિલસામે બાઈક પાર્ક કરેલ હોય કોઈ અજાણ્યો બાઈક ચોર ઈસમ બાઈક ચોરી કરી લઈજતા બાઈક માલિક દ્વારા હિંમતનગર પોલીસ સ્ટેશનમા અજાણ્યા બાઈક ચોર વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરતા હિંમતનગર પોલીસે અજાણ્યા બાઈક ચોર વિરૂધ્ધ ગુનોનોધી તપાસ હાથ ધરી છે.

## અંબાજીના વિકાસ માટે શ્રેષ્ઠ યાત્રાધામ પ્રવાસન વિકાસનો એવોર્ડ એનાયત



શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ, કોરોના કાળમાં આપેલ સેવાઓ અને યાત્રાધામ અંબાજીના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપવા બદલ એવોર્ડ અપાયો.અમદાવાદ સાયન્સ સિટી ખાતે યોજાયેલા એશિયા બિગેસ્ટ એવોર્ડ- ૨૦૨૨ના સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ બનાસકાંઠા કલેક્ટર આનંદ પટેલને અંબાજીના વિકાસ માટે શ્રેષ્ઠ યાત્રાધામ પ્રવાસન વિકાસનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીને ટૂરીઝમ પ્લેસ તરીકે વિકસાવવા અંબાજી ગબ્બર પર્વત ખાતે શરૂ કરવામાં આવેલ શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનું આયોજન, કોરોના કાળમાં આપેલ સેવાઓ અને યાત્રાધામ અંબાજીના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપવા બદલ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન કમ બનાસકાંઠા કલેક્ટર આનંદ પટેલને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે યાત્રાધામ અંબાજી ગુજરાતનુ સૌથી મોટું શક્તિપીઠ છે. જ્યાં વર્ષે કરોડો માઈભક્તો મા અંબાના દર્શન કરી ધન્યતા અનુભવે છે. શ્રેષ્ઠ યાત્રાધામ પ્રવાસન વિકાસનો એવોર્ડ મળવો એ શકિતપીઠ અંબાજી અને બનાસકાંઠા જિલ્લા માટે ગૌરવની વાત છે.

## પ્રાંતિજ સહિત તાલુકામાં ખેડૂતો દ્વારા અખાત્રીજ મુહૂર્ત કરી ખેતીના શ્રી ગણેશ કર્યા...



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં ખેડૂતો દ્વારા અખાત્રીજના શુભ મુહૂર્તમાં ખેતીના શ્રી ગણેશ કર્યા. અખાત્રીજના દિવસને લઈને પ્રાંતિજ સહિત તાલુકામાં ખેતી કરતા ખેડૂતો દ્વારા પોતાના ખેતરોમાં જઈને ભૂમિ પૂંજા કરી બળદની પુંજા કરી ખેતરમાં ખેડ કરી આજથી ખેતીની શુભ શરૂઆત કરવામાં આવી હતી તો આજે ખેતરોમાં બીજ ની પણ રોપણી કરવામાં આવી હતી તો ખેતી કરતા ખેડૂતો માટે આજ નો દિવસ પણ ખેતી માટે મહત્વનો દિવસ હોય છે.

## અરવલ્લી જીલ્લાના ભૂમિપુત્રો નવા કૃષિ વર્ષના પ્રારંભે ઉજવણીમાં જોતરાયા



વૈશાખ સુદ-૩ એટલે અખાત્રીજ (અક્ષયતૃતીયા) નો દિવસ એટલે શુભકાર્યો તેમજ પ્રસંગો માટેનો વર્ષનો શ્રેષ્ઠ દિવસ અને ખેડૂતોના ખેતી કામ માટે નું નવું વર્ષ અખાત્રીજના દિવસે અરવલ્લી જીલ્લાના ભૂમિપુત્રોએ ભૂમિ પૂજન તથા પશુઓ અને ખેતીના ઓજારોની પૂજનવિધિ કરવાની સાથે ખેતરમાં જઈ ક્ષેત્રપાળનો દીવો ધૂપ કરી કંસાર અને ખીચડીના પ્રસાદ ધરાવી વહેંચણી કરી નવા કૃષિ વર્ષનો પ્રારંભ હર્ષોલ્લાસ સાથે કર્યો હતો.મેઢાસણ ગામે યુવા ખેડૂતોમાં અનેરો ઉલ્લાસ જોવા મળ્યો હતો. અરવલ્લી જીલ્લામાં મંગળવારે વહેલી સવારે અખાત્રીજ ના દિવસે પૂજનવિધિ પૂર્ણ કરી જગતનો તાત નવા કૃષિ વર્ષની ઉજવણીમાં જોતરાયો હતો જેમાં જીલ્લાના ખેડૂતપુત્રોએ પરિવારના સભ્યો સાથે હર્ષોલ્લાસથી પોતાના ઓજારો હળ તૈયાર કરી પશુઓ અને બળદોના શીંગડાને રંગરોગાન કરી નવા પોશાકો ધારણ કરી સાગમટે ગ્રામ અને શહેરી વિસ્તારના ભૂમિપુત્રોએ હળ જોડી દઈ ખેતર ખેડી ખાતમુહર્ત કર્યું હતું દર વર્ષની જેમ આ વર્ષે પણ અખાત્રીજે વહેલી સવારે સૌ ભૂમિપુત્રો એકસાથે એકજ જગ્યાએ એક ખેતરમાં ભેગા મળી હળ જોડી ખેતરમાં પહોંચી હળ જોતરી ખેતી નું મુહર્ત કર્યું હતું ભૂમિપુત્રોએ બળદગાડા અને શણગારી બળદો નું મોં મીઠું કરાવી વીતેલા વર્ષનું દુઃખસુખ જતું કરી નવા વર્ષનો ઉમંગ ભેર પ્રારંભ કર્યો હતો.

### ઉનાળાનો આક્રમક મિજાજ, પ્રજા ગરમીથી વ્યાકુળ

# જિલ્લામાં સવારથી ભયંકર બફારાથી પ્રજાની ત્રાસદાયક સ્થિતિ

**હવામાં ભેજનું પ્રમાણ વધતાં બફારો વધ્યો, રાત્રે ઠંડા પવનોથી સામાન્ય રાહત : પ્રજાની સાથે પશુ-પંખીઓ પણ સનસ્ટ્રોકનો શિકાર બન્યા**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૩ મે, મહિનાના આરંભથી





સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ઉનાળાનાં આક્રમક મિજાજ સામે આવ્યો છે. મંગળવાર સવારથી ભયંકર બફારાથી પ્રજાની ત્રાસદાયક સ્થિતિ જોવા મળી. હવામાં ભેજનું પ્રમાણ વધતાં બફારો વધ્યો છે. બપોરે લોકો ઘરમાં ઠંડક આપતા ઉપકરણો સામે બારણાં બંધ કરીને ગોઠવાઈ ગયા હોવા છતાં બફારાથી ત્રાસ અનુભવતા જોવા મળ્યાં. મે. મહિનાના આરંભે તાપમાનનો પારો ૪૩ ડિગ્રીને આવ્યા પછી બીજા દિવસે તાપમાનનો પારો ૧ ડિગ્રી ગગડ્યો પરંતુ અગાઉના દિવસ કરતાં પણ વધુ ગરમીનો પ્રજાએ અનુભવ કર્યો તેની પાછળ પવનનું જોર ઘટ્યું હતું અને ભેજનું પ્રમાણ વધતાં ગરમી પ્રકોપ હાવિ થયો હતો. જિલ્લામાં સનસ્ટ્રોકનું મોજુ હાવિ થતાં પ્રજાની સાથે પશુ-પંખી પણ સનસ્ટ્રોકનો શિકાર બની રહ્યા છે.

જિલ્લામાં છે. મહિનો પ્રજા અને વહીવટી તંત્ર માટે અગ્નિ પરીક્ષારુપ મહિનો બન્યો છે. સતત વધતા ગરમી પ્રકોપથી લૂ લાગવાના બનાવોમાં નોંધપાત્ર વધારો થયો છે. બપોર થતાં તિવ્ર ગરમીની અસર બજાર અને માર્ગો ઉપર જોવા મળે છે પરંતુ છેલ્લા ૩ દિવસથી અસહ્ય ગરમી છતાં રાત્રે ૯-૦૦ પછી ઠંડા પવન ફૂંકાતાં ગરમીમાં પીસાતી પ્રજા ઠંડા પવનના કારણે રાહત અનુભવતી જોવા મળી. જિલ્લામાં બે દિવસ પછી ફરી તાપમાનનો પારો ૨ થી ૩ ડિગ્રી ઉંચકાઈ શકે છે. સતત વધી રહેલી ગરમીના કારણે ડીહાઈડ્રેશન અને લૂ લાગવાના કેસમાં નોંધપાત્ર વધારો થયાનું જિલ્લાના ખાનગી તબીબોએ જણાવ્યું છે. પ્રજાએ અસહ્ય ગરમીથી બચવા સૂતરાઉ કપડાં પહેરવાં. ઘરની બહાર જતા અગાઉ કાનમાં ૪ નાખવું તેમજ સતત ઉંબુ સરબતવાળું પાણીનું સેવન કરવાની તબીબી સલાહ આપી રહ્યા છે. જિલ્લામાં છેલ્લા ૨ દિવસથી લગ્નના અવસરો શરુ થયા છે જ્યાં વરઘોડા દરમ્યાન અસહ્ય ગરમીથી કેટલાક જાનૈયા સનસ્ટ્રોકના શિકાર બન્યાના દ્રશ્યો સામે આવ્યા છે.

### વેસ્ટર્ન ડીસ્ટબન્સીની અસરથી વાતાવરણમાં બદલાવ

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ગરમીથી બેહાલ પ્રજાને આંશિક રાહત થઈ શકે છે. બે દિવસથી વાતાવરણમાં બદલાવ આવી રહ્યો છે. હવામાન વિભાગે વેસ્ટર્ન ડીસ્ટબન્સની અસર સ્વીકારી છે. જો તે વાતાવરણમાં હાવિ થશે તો આગ ફૂંકતી ગરમીમાં પ્રજાને સામાન્ય રાહત થવાની સંભાવના છે. રાત્રે પવનની તિવ્રતામાં પણ વધારો થતાં વાતાવરણમાં અજબ બદલાવ આવી રહ્યો છે

## જન્મદિને વધામણી



પંકજભાઈ પી.પટેલ
બાયડ



વિરેન અનિલભાઈ પટેલ
બાયડ



ડો. દીપકભાઈ પટેલ
બાયડ

# ૨ દિવસમાં ૧.૩૦ લાખ ટન કપચીનું ઉત્પાદન ઠપ્પ થતાં રાજ્યની સરકારી તિજોરીને ફટકો

**સાબરકાંઠા, અરવલ્લીમાં સળંગ બીજા દિવસે ક્વોરી ઉદ્યોગની જડબેસલાક હડતાલ : ૧ મહિના સુધી ઉત્પાદન બંધ રાખવાનો એસોસીએશનનો નિર્ણય**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૩

પડતર પ્રશ્નોના કારણે ક્વોરી ઉદ્યોગકારોએ ગત રોજથી હડતાલનું એલાન આપતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૩૦ ક્વોરી ઉદ્યોગ સતત બીજા દિવસે બંધ રહેતાં ૧.૩૦ લાખ ટન કપચીનું ઉત્પાદન ઠપ્પ થવાથી રાજ્ય સરકારની તિજોરીને રોયલ્ટી આવકનાં મોટો ફટકો પડવો છે. પડતર પ્રશ્નોના હકારાત્મક ઉકેલ નહીં આવે ત્યાં સુધી ક્વોરી એસોસીએશન દ્વારા આરપારની લડાઈ લડવાનો નિર્ણય જાહેર કર્યો છે તે જોતાં સળંગ ૧ મહિના સુધી ક્વોરી ઉદ્યોગ બંધ રહી શકે છે.

રાજ્યમાં આ વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાવવાની છે. વર્તમાન સ્થિતિ જોતાં ચૂંટણી ધારણા કરતાં ૨-૩ મહિના વહેલી યોજાય તેવા અનુમાન થઈ રહ્યા છે. રાજ્યના ક્વોરી ઉદ્યોગ દ્વારા સરકારની તિજોરીને રોયલ્ટીના રુપમાં કરોડોની આવક મળતી હોય છે પરંતુ સરકારના કમાઉ દિકરા ગણાતા ઉદ્યોગકારોની અનેક પડતર માંગ રજૂઆતો પછી પણ ન સંતોષાતાં સાબરકાંઠા, અરવલ્લી, ખેડા, દનાદરા ક્વોરી એસોસીએશન દ્વારા રાજ્ય એસોસીએશનની સૂચના મુજબ તા.૧ મે ના રોજથી ક્વોરી ઉદ્યોગ સંપૂર્ણપણે બંધ કરી દેતાં ક્વોરીનું ઉત્પાદન ઠપ્પ થયું છે જેના કારણે સરકારના અનેક વિકાસના કામો કપચી, ગ્રીટ, મેટલના કારણે બંધ રાખવા પડે તેવી સ્થિતિ છે. જ્યારે સરકાર સામે વારંવાર રજૂઆતો પછી પણ પોતાની પડતર ૭ માંગ ન સંતોષાતાં ક્વોરી એસોસીએશને મોરચો માંડતાં છેલ્લા ૨ દિવસથી ક્વોરી ઔદ્યોગિક વિસ્તારોમાં સંપૂર્ણ શાંતિ જોવા મળી રહી છે. દિવસ-રાત ધમધમતા ક્વોરી ઉદ્યોગમાં ઈતિહાસમાં પહેલીવાર સળંગ બે દિવસ ક્વોરી ઉદ્યોગ બંધ રહેવાની ઘટના નોંધાઈ છે. ક્વોરી એસોસીએશનના પ્રમુખ અને મંત્રીએ જણાવ્યું કે સરકાર સમક્ષા તબક્કાવાર રજૂ થયેલી ક્વોરી ઉદ્યોગકારોની સમસ્યા અંગે કોઈ યોગ્ય સમાધાન થયું નથી જેથી પડતર રજૂઆતોનો ઉકેલ ન આવે તો સળંગ ૩૦ દિવસ સુધી જિલ્લાના ક્વોરી ઉદ્યોગ સંપૂર્ણ બંધ રહેશે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા અને દનાદરામાં ૧૩૦ ક્વોરી ઉદ્યોગ ધમધમી રહ્યા છે. દૈનિક ૬૫ હજાર ટન કપચીનું ઉત્પાદન થતું આવે છે અને સરકારને દરરોજ લાખો રુપિયાની રોયલ્ટીની આવક ઉદ્યોગકારો આપતા હોય છે પરંતુ ૨ દિવસથી ક્વોરી ઉદ્યોગ સંપૂર્ણ બંધ રહ્યો છે તેથી સરકારની અનેક વિકાસશીલ યોજનાઓને પણ અસર થવાની દહેશત ઉભી થઈ છે.



**ક્વોરી ઉદ્યોગ ઠપ્પ, હાઈવે ઉપર ડમ્પરોની અવર જવર ઘટી**

છેલ્લા ૨ દિવસથી ક્વોરી ઉદ્યોગકારોએ પોતાના પડતર પ્રશ્નોનો ઉકેલ ન આવતાં ઉત્પાદન બંધ કર્યું છે જેના કારણે બાયડ, સાઠંબા, દહેગામ, ધનસુરા, વડાગામ, હરસોલ રોડ ઉપર ડમ્પરોની અવર જવર ઘટતાં દરરોજ સર્જાતી ટ્રાફીક સમસ્યામાંથી સ્થાનિક લોકોને સામાન્ય રાહત જોવા મળી હતી.

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

## વાત્રકગઢ ઝેરી દવા પીવા પ્રકરણમાં ૬ વર્ષના પુત્રનું મોત : જનેતા સામે હત્યાનો ગુનો

**પતિના દારૂના વ્યસનથી ત્રાસી સામૂહિક આત્મહત્યાના પ્રયાસ કર્યો હતો**

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૦૩

બાયડ તાલુકાના વાત્રકગઢ ગામે પતિના દારુના વ્યસનથી ત્રાસી મહિલાએ બે બાળકો સાથે ઝેરી દવા પી આત્મહત્યાના કરેલા પ્રયાસમાં ૬ વર્ષના પુત્રનું મોત નિપજતાં જનતા સામે હત્યાનો ગુનો નોંધાયો છે. દારુના દૂષણે ડાભી પરિવારનો પુત્ર છીનવી લેતાં અરેરાટી વ્યાપી છે. બનાવ અંગે બાયડ પોલીસે હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે. અરવલ્લીના બાયડના વાત્રકગઢ ગામે આશાબેન બળવંતસિંહ ડાભીએ તા. ૨૯ના રોજ ખેતરમાં જઈ બે બાળકો સાથે ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કરતાં ત્રણેયને ગંભીર હાલતમાં બાયડની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા પરંતુ પુત્રીની હાલત વધુ ગંભીર જણાતાં હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બે બાળકો સાથે જનેતાએ આત્મહત્યાનો પ્રયાસ કરતાં સમગ્ર પંથકમાં સનસનાટી મચી હતી જ્યાં તા.૧ ના રોજ ઝેરી દવાની અસર હેઠળ સારવારમાં રહેલા યુવરાજ ડાભી(ઉ.૬ વર્ષ)નું મોત નિપજતાં જનેતા સામે હત્યાનો ગુનો નોંધાયો છે. પોલીસની પ્રાથમિક તપાસમાં પતિના દારુના વ્યસનથી મહિલા ત્રાસી હતી અને દારુ ન પીવા સમજાવા છતાં પતિ માનતો ન હોવાથી બે બાળકો સાથે ખેતરમાં જઈ સાથે જ આયખું ટૂંકાવી લેવા દવા પીધાનું ખૂલ્યું છે. સદર બનાવમાં પુરાના મોત બાદ પોલીસે માતા સામે હત્યાના આરોપસર ગુનો દાખલ કર્યો છે પરંતુ કરવા સુધી દુપ્રેરણ કરનાર પતિ સામે કોઈ ફરિયાદ ન નોંધતાં આશ્ચર્ય ઉભું થયું છે. બનાવ અંગે હિંમતસિંહ ચતુરસિંહ ડાભીની ફરિયાદના આધારે બાયડ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સાબરકાંઠા-અરવલ્લીમાં ઈદ-ઉલ-ફિત્રની ઉલ્લાસપૂર્વક ઉજવણી

**મોડાસામાં ઈદ ની નમાઝ અદા કરાઈ : મોડાસા ચાર રસ્તા પર ધાર્મિક સૌહાર્દનું વાતાવરણ, હિન્દૂ સમાજના અગ્રણીઓ દ્વારા મુસ્લિમ બિરાદરોને ઈદ મુબારક પાઠવ્યા : ધાનેરામાં રમજાન ઈદની કરવામાં આવી ઉજવણી : પ્રાંતિજ તથા તાલુકામાં રહેતા મુસ્લિમ બિરાદરો દ્વારા ઇદની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી : ૩૦ દિવસના રોઝા રાખી અન્નદાન કરી ઇદની ઉજવણી કરી : મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર તથા પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ દ્વારા મુસ્લિમ બિરાદરોને ઇદની શુભકામના પાઠવી**

મોડાસા, પાલનપુર, પ્રાંતિજ, તા. ૩

પવિત્ર રમઝાન માસ પૂર્ણ થતા સમગ્ર દેશમાં ઈદ-ઉલ-ફિત્રની ઉલ્લાસપૂર્વક ઉજવણીમાં મુસ્લિમ બિરાદરોએ એકમેકને ઈદ મુબારકરૂપી શુભેચ્છા પાઠવી હતી અરવલ્લી જીલ્લામાં શનિવારે ઈદગાહમાં રમઝાન ઈદ નીમીત્તે મુસ્લિમ બિરાદરોએ નમાઝ અદા કરી હતી મોડાસા ટાઉન પોલીસ તંત્ર દ્વારા રમઝાન ઈદ માં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો.

મોડાસા શહેરના માલપુર રોડ પર આવેલી ઈદગાહમાં મોડાસા શહેર તથા આસપાસના ગ્રામવિસ્તારમાં રહેતા તમામ મુસ્લિમ બિરાદરોએ એકઠા થઈ નમાઝ અદા કરી એકબીજાને ગળે મળી ઈદ મુબારક પાઠવ્યા હતા મોડાસા ચાર રસ્તા પર હિન્દૂ સમાજના અગ્રણીઓ અને રાજકીય પક્ષો અને સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા લોકો હરોળબદ્ધ ઉભા રહી ઈદગાહ માં નમાઝ અદા કરી પરત ફરતા અબાલ વૃદ્ધ સૌકોઈ મુસ્લિમ બિરાદરોને એકબીજાને ગળે મળી ઈદ મુબારક પાઠવતા ધાર્મિક સૌહાર્દનું વાતાવરણ પેદા થયું હતું

અરવલ્લી જીલ્લામાં મુસ્લિમ બિરાદરોએ ચાંદ કમિટીની જાહેરાત બાદ અને ગત રાત્રીએ ચાંદ દેખાતા જ પવિત્ર રમઝાન માસ પૂર્ણ થયો હતો અને એઈડની ઉજવણી શરુ કરી હતી જીલ્લાના તમામ ઈદગાહોમાં સવારથીજ અબાલ વૃદ્ધ સૌકોઈ નવા વસ્ત્રોમાં સજ્જ થઈ ઈદની વિશેષ નમાઝ અદા કરીને એકમેકને ગળે ભેટીને ઈદની મુબારક બાદી પાઠવી એકબીજાના ઘરે જઈ અરસ-પરસ ઈદની શુભકામનાઓ પાઠવી હતી તેમજ સૌકોઈએ ખીર ખુરજા ખવડાવી મહેમાનોનું સ્વાગત કર્યું હતું ઈદ-ઉલ-ફિત્ર ની ઉજવણી માં બાળકો એ બગીચાઓમાં પહોંચી આનંદ ઉઠાવ્યો હતો. ધાનેરા લાધાપુરા વિસ્તારમાં આવેલ ઈદગાહ ખાતે ધાનેરા જુમ્મા મસ્જિદના પેશ ઈમામ મૌલાના બિલાલસાબની આગેવાની હેઠળ ઈદની નમાઝ પઢવામાં આવી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી.પરમાર નો અહેવાલ જણાવે છે કે, જેમા હજ્જારો મુસ્લિમ બિરાદરોએ ઈદની નમાઝ અદા કરી સમગ્ર દેશમાં ભાઈચારો અને એકતા અને શાંતિ જળવાઈ રહે તે માટે અલ્લાહથી દુવા કરી હતી. અને એકબીજાને ગળે મળીને ઈદની મુબારકબાદ આપવામાં આવી હતી.મૌલાના બિલાલસાબે જણાવ્યું હતું કે.રમજાન ઈદનો તહેવાર સમગ્ર દેશમાં એકતા અને ભાઈચારાનો પૈગામ આપે છે.

આજના દિવસ હિન્દુભાઈઓને મળીને ઈદની ખુશીમાં સામેલ કરવાનો દિવસ છે.જયારે ધાનેરા સુન્ની અસગરી મસ્જિદમાં મોલાના ગલામનબીની આગેવાની હેઠળ હજ્જારો મુસ્લિમ બિરાદરોએ ઈદની નમાઝ અદા કરી હતી.મૌલાના ગુલામનબીએ જણાવ્યું હતું કે.ઈદનો તહેવાર દેશમાં અમન અને શાંતિ.એકબીજા સાથેના ભેદભાવ ભુલીને તમામ ધર્મના લોકોમાં એકતા અને અખંડિતતા જળવાઈ રહે તેવો સંદેશ આપે છે.દરેક ધર્મના લોકોમાં ભાઈચારો જળવાઈ રહે તે માટે અલ્લાહથી દુવા કરીએ છીએ.આજે ઈદના તહેવાર નિમિત્તે ધાનેરા પોલીસ દ્વારા ખુબજ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદની ઉલ્લાસ ભરે ઉજવણી કરવામાં આવીહતી અને ધંધારોજગાર બંધ પાડી એક બીજાને ભેટીને ઈદ મુબારક પાઠવવામાં આવ્યા હતાં

છેલ્લા એક મહિનાથી મુસ્લિમ બિરાદરો રોઝા રાખી ખુદાની બંદગી કરી વહેલી સવારથી લઈને મોડી સાંજ સુધી અન્ન પ્રાણીનો ત્યાગ કરી સમગ્ર માસ દરમ્યાન મુસ્લિમ ભાઈ-બહેનો ઈબાદતામાં વ્યસ્ત રહેછે રોઝા રાખવાની સાથે જ કુરાન પઠન કરે અને રાત્રીના સમયે અદા કરાતી તરાવીહની ખાસ નમાઝ નું આ માસ દરમ્યાન ખુબ મહત્વ હોયછે જયારે ઈદની નમાઝ સાથે જ ઉજવણી નો પ્રારંભ થાયછે અને એકબીજા ને ભેટી ને ઈદ મુબારક પાઠવવામાં આવેછે અને એક બીજા ના ધરે જાય છે તો મુસ્લિમ અગ્રણી રહિશભાઈ કસ્બાતી એ પણ મુસ્લિમ બિરાદરો ભાઈ-બહેનો ને ઈદની શુભેચ્છાઓ પાઠવી હતી ત્યારે મંત્રી ગજેન્દ્રસિંહ પરમાર દ્વારા મુસ્લિમ બિરાદરો ને ઈદ ની શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવી હતી તો પૂર્વ મંત્રી જયસિંહ ચૌહાણ તથા ભાજપ શહેર પ્રમુખ તથા કોર્પોરેટ રાજેશભાઈ ટેકવાણી દ્વારા વ્હોરવાડ વિસ્તાર મા જઈ ને મુસ્લિમ બિરાદરોને હાથ મિલાવી ગળે મળી ને ડોરટુ ડોર મુસ્લિમ બિરાદરોને શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવી હતી તો પ્રાંતિજ સિનિયર સિટીઝન મંડળ પ્રમુખ સહિત સભ્યો દ્વારા પણ રઈશભાઈ કસ્બાતી ના ધરે જઈને ઇદની શુભેચ્છાઓ શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.







